
# નિર્માતા



કાનજીભાઈ રાઠોડ

▪

ચંદુલાલ શાહ

▪

ચીમનલાલ દેસાઈ

▪

દ્વારકાદાસ સંપત

▪

નડિયાદવાલા

▪

મહેબૂબ ખાન

▪

માણેકલાલ પટેલ

# કાનજીભાઈ રાઠોડ

મૂકપટ બોલપટના પ્રથમ વ્યાવસાયિક દિગ્દર્શક

મૂક-ફિલ્મના સમયગાળામાં કાનજીભાઈ રાઠોડનું પ્રદાન નોંધપાત્ર છે. તેમના દિગ્દર્શનમાં બનેલી મૂક ફિલ્મ 'ભક્ત વિદુર' પર તો બ્રિટિશ સરકારે પ્રતિબંધ મૂકેલો, કારણ કે તે ગાંધીવાદ પર આધારિત હતી. એટલું જ નહીં, ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પગારદાર નહીં, પણ સ્વતંત્ર દિગ્દર્શક તરીકે કરારબદ્ધ થનારા તેઓ પ્રથમ દિગ્દર્શક છે...

ફિલ્મની લાઇન ધંધાની લાઇન છે એટલે કેટલાક સવાલો ત્યાં પુછાતા નથી, બાકી કોઈ પૂછે કે ફિલ્મોદ્યોગમાં દલિતો કેટલા ટકા? જવાબ મુશ્કેલ છે, છતાં એક વાત સગૌરવ નોંધી શકાય કે ફિલ્મોદ્યોગના કદાચ પ્રથમ દલિત અભિનેતા, દિગ્દર્શક હોય તો તે કાનજીભાઈ રાઠોડ છે. આ કાનજીભાઈને નામે આપણને પોરસ ચડે એવો ઇતિહાસ છે પણ તેમના દલિત હોવાની વાતથી આરંભ કર્યો છે તો સાથે સાથે તે વિગત જાણી લઈએ કે તેઓ ભારતીય ફિલ્મોદ્યોગના કદાચ એવા સૌ પ્રથમ દિગ્દર્શક હતા જેમને કોઈ નિર્માતાએ વ્યાવસાયિક રીતે દિગ્દર્શન કરવા કરારબદ્ધ કર્યા હતા. એ નિર્માતાય જો કે આપણા ગુજરાતી દ્વારકાદાસ સંપત જ હતા. દ્વારકા અને કાનજીને તો નાતો હોય જ. (દ્વારકાદાસ સ્વયં ગાંધીજીનો આદર્શ ધરાવતા હતા. 'ભક્ત વિદુર'માં તેઓ ગાંધીવેશે જ હતા જેનું દિગ્દર્શન કાનજીભાઈ રાઠોડે કરેલું પણ તે દ્વારકાદાસ-કાનજીભાઈ સાથે થયા પછીની વાત છે.). કાનજીભાઈની પ્રતિભા જોઈને દ્વારકાદાસે નિમંત્રણ આપ્યું કે મારી ફિલ્મ કંપનીમાં આવો અને ફિલ્મો દિગ્દર્શિત કરો.

કાનજીભાઈ રાઠોડનું મુખ્ય પ્રદાન મૂક ફિલ્મો સમયનું છે અને તે એટલું મોટું છે કે તેની એક જ વિગત આપણી આંખોને ચમકાવી દેશે. મૂક ફિલ્મોમાં જે ગુજરાતી દિગ્દર્શકે સૌથી વધુ એટલે કે 59 જેટલી ફિલ્મો દિગ્દર્શિત કરી છે તે આપણા આ કાનજીભાઈ છે.

કાનજીભાઈ શરૂથી એક બાબતે નસીબવંતા પુરવાર થયેલા કે અમેરિકાથી ફિલ્મકળાનું જ્ઞાન લઈને આવેલા સચેતસિંહ કે જે બિનગુજરાતી હતા જેમણે વડોદરામાં ગુજરાતનો સૌ પ્રથમ ફિલ્મ સ્ટુડિયો બંધાવેલો, તેમની કંપનીથી કારકિર્દી આરંભેલી. સચેતસિંહની એ કંપની પ્રથમ લિમિટેડ કંપની હતી, જેનું નામ ઑરિએન્ટલ ફિલ્મ કંપની હતું. કાનજીભાઈ એ કંપનીમાં સ્ટિલ ફોટોગ્રાફર તરીકે જોડાયેલા. સચેતસિંહે તેમને 1920ની ત્રણ ફિલ્મો 'મૃચ્છકટિક', 'નરસિંહ મહેતા' અને 'શકુંતલા'માં અભિનેતાય બનાવ્યા. એમાંની 'નરસિંહ મહેતા'માં તો કાનજીભાઈ નરસિંહ મહેતાની ભૂમિકામાં હતા. આજે કહી શકીએ કે નરસિંહ મહેતાને કેન્દ્રમાં રાખી પછી

ટૉકીયુગમાંય ફિલ્મો બની પણ ફિલ્મના પડદે પહેલી વાર કોઈ નરસિંહ મહેતારૂપે અવતર્યું હોય તો તે કાનજીભાઈ હતા. નરસિંહ મહેતા સ્વયં હરિજનો, દલિતો વચ્ચે જઈ ભજન, પદ, પ્રભાતિયાં ગાતા અને જાણે દલિત કાનજીભાઈમાં તેઓ નરસિંહરૂપે પડદે પ્રગટ્યા! પણ પેલા સચેતસિંહનું મોટર અકસ્માતમાં અવસાન થયું અને કાનજીભાઈને બીજે કામ કરવાનો વારો આવ્યો. કોહિનૂર ફિલ્મ કંપનીના દ્વારકાદાસ સંપત તેમને આવકારવા તૈયાર હતા અને તેમણે તેમને સીધા દિગ્દર્શક બનાવી દીધા. તે સમયે કંઈ બહુ લાંબી લાંબી ફિલ્મો બનતી નહીં, એટલે દિગ્દર્શકો એક જ વર્ષમાં ઘણી બધી ફિલ્મો પૂરી કરી શકતા. કોહિનૂરના પહેલા વર્ષે એટલે કે 1921માં તેમણે દસ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું અને તેમાંની એક પેલી ‘ભક્ત વિદુર’ છે જેની પર અંગ્રેજ સરકારે પ્રતિબંધ મૂકેલો. ફિલ્મોના આરંભે આ રીતે પ્રતિબંધિત થયેલી ફિલ્મોનાં ઉદાહરણ બહુ ઓછાં છે તેથી કાનજીભાઈ અને દ્વારકાદાસ સંપતને અને તેમના દેશદાઝભર્યા ગાંધીપ્રેમને સલામ કરવી જોઈએ.

એ વર્ષે તેમણે જે વિષયો પર ફિલ્મો બનાવી તે વિષયો પછી ફિલ્મજગતને સતત આકર્ષતા રહ્યા છે, જેમ કે ‘મીરાંબાઈ’, ‘પુંડલિક’, ‘રુક્મિણીહરણ’, ‘કૃષ્ણ માયા’, ‘સતી અનસૂયા’ ‘વિક્રમ ઉર્વશી’ અને ‘વિશ્વામિત્ર મૅનકા’. એક સદી પહેલાં આ જ વિષયો તેઓ વિચારે તે યોગ્ય હતું કારણ કે લોકો મૂક ફિલ્મ જોતાં હોય ત્યારે વિષય, પાત્રો, પ્રસંગો જાણીતાં હોય તો સંવાદ વિના પણ ફિલ્મ સાથે સંબંધ બાંધી શકે. કાનજીભાઈ સમર્પિત દિગ્દર્શક હતા તેથી 1922માં નવ, 1923માં આઠ, 1924માં પાંચ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું. વિષયો ધાર્મિક જ હોય પરંતુ તેમાંથી પ્રગટતો બોધ વર્તમાનમાં અસર કરે તેવું આયોજન કરતા અને ક્યારેક ન માની શકાય તેવાં સાહસ પણ કરતા, જેમ કે 1922ની જ ‘માલતી માધવ’માં તેઓ સાચા વાઘને કૅમેરા સામે લઈ આવેલા જે ફિલ્મની નાયિકાના હાથમાંથી ખોરાક છીનવે છે. અહીં એ પણ ઉલ્લેખવું જોઈએ કે જેમ મહારાષ્ટ્રના દિગ્દર્શકો તેમની ફિલ્મોમાં મરાઠી વિષયો અને જાણીતાં ચરિત્રો લઈ આવેલા, બંગાળીઓએ પણ એવું જ કરેલું, તેમ ગુજરાતીઓ ‘નરસિંહ મહેતા’, ‘કરણ ઘેલો’, ‘સંત બોડાણા’, ‘સતી તોરલ’, ‘મીનળદેવી’, ‘સતી નર્મદા’, ‘સદ્‌ગુણી સુશીલા’ જેવા ગુજરાતી વિષયો લઈ આવેલા. કાનજીભાઈએ ‘સતી તોરલ’ (1922), ‘સતી નર્મદા’ (1923), ‘સદ્‌ગુણી સુશીલા’ (1924)માં દિગ્દર્શન કર્યું હતું. દ્વારકાદાસ સંપત તેમની કંપનીમાં સતત નવા દિગ્દર્શકોને કામે લગાડતા અને એ રીતે તેમની કંપનીમાં દિગ્દર્શક તરીકે હોમી માસ્તર પ્રવેશ્યા એટલે કાનજીભાઈ રાજકોટની સૌરાષ્ટ્ર ફિલ્મ કંપની સાથે જોડાયા, પરંતુ તે પહેલાં તેમણે ‘ગુલ-એ-બકાવલી’ બનાવી હતી અને તે ચૌદ અઠવાડિયાં ચાલી હતી. મૂક ફિલ્મ ચૌદ અઠવાડિયાં ચાલે તો ત્યારના ધોરણે સુપરહિટ કહેવાય. એ ફિલ્મ ઝુબેદાબાનુનીય શરૂઆતની ફિલ્મ હતી જે પછી 1931ની પહેલી બોલતી ફિલ્મ ‘આલમઆરા’ની હીરોઇન બનેલી. તેમણે તે વર્ષે 1924માં ‘કાલા નાગ’ બનાવેલી જેમાં હોમી માસ્તરે મુખ્ય ભૂમિકા ભજવેલી અને આ ફિલ્મે પણ બૉક્સ ઑફિસ પર ફૂંફાડો મારેલો. સૌરાષ્ટ્ર ફિલ્મ કંપની માટે તેમણે ‘શરીફ બદમાશ’ અને ‘અનાથ અબલા’ બનાવી અને માણેકલાલ પટેલ કૃષ્ણ ફિલ્મ સ્થાપી રહ્યા ત્યાં બોલાવાયા. માણેકલાલ મૂળ તો પેલી કોહિનૂરના જ એક ભાગીદાર હતા એટલે જૂના પરિચયે ત્યાં ગયા. 1925માં ‘બાપકમાઈ’, ‘કામલતા’, ‘સ્વપ્ન સુંદરી’ અને 1926માં ‘ખૂબસૂરત બલા’, ‘રાજાને ગમી તે રાણી’, ‘બુરખાવાલી’, ‘બોલતું બુલબુલ’ અને

'વીર કેસરી'નું દિગ્દર્શન કર્યું. ફિલ્મનાં શીર્ષક જોતાં સમજાશે કે તેઓ આધુનિક વિષયો તરફ વળ્યા હતા. આમાંની કેટલીક ફિલ્મો ત્યારની રંગભૂમિનાં નાટકો આધારિત હતી. 1927માં તેમની 'કુલદીપક', 'મહાસતી અનસૂયા', 'મર્દાના ઘા' જેવી ફિલ્મો આવી.

1925થી 1930 સુધી તેઓ કૃષ્ણ ફિલ્મ કંપનીમાં હતા અને ત્યાં બાવીસ જેટલી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું. આજે કોઈ જ શીર્ષક વિચારી પણ ન શકે તેવા શીર્ષકવાળી 'બોડકું માથું' પણ તેમણે ત્યાં બનાવેલી અને પછી નવલકથાના નામ તરીકે જાણીતા થયેલા શીર્ષક 'કાળરાત્રીનું ખૂની ખંજર' પણ બનાવી હતી. સ્વાભાવિક રીતે જ આ શીર્ષક રહસ્ય ફિલ્મનો વિષય સૂચવે છે અને પછી 'રજવાડાંના રંગ' બનાવી ત્યારે તે સમયનાં રજવાડાંને તેમણે વિષય બનાવેલો. દરમિયાન તેમની બે ફિલ્મો ગુજરાત ફિલ્મ સ્ટુડિયોની પણ છે પરંતુ તેય માણેકલાલ પટેલની જ કંપની હતી. નામ ગુજરાત ફિલ્મ કંપની હતું પણ તે દાદર પૂર્વ(મુંબઈ)માં હતો. સમજો કે તેઓ મૂળ પેલી કોહિનૂરના માણસો સાથે જ સતત કામ કરતા રહ્યા છે તેથી કોહિનૂર યુનાઇટેડમાં તેમણે 1930માં 'મઠનો સાધુ' અને 'રાજકુમારીની રણગર્જના' બનાવી હતી. તેઓ વ્યવસાયી દિગ્દર્શક હતા તેથી કોઈ કંપની બાંધી રાખે તે શક્ય ન હતું અને સારું કામ કરનારને કોણ ન બોલાવે? 1931નું વર્ષ બોલતી ફિલ્મોનું છે. ત્યાર બાદ તેમણે કૃષ્ણા મૂવીટોન, સરોજ મૂવીટોન, સરલા મૂવીટોન, સાગર મૂવીટોન અને વિષ્ણુ મૂવીટોન (ત્યારે આમ 'મૂવીટોન', 'સિનેટોન' જોડી કંપનીને નામ અપાતાં) માટે 1940 સુધીમાં 16 બોલતી ફિલ્મોનું દિગ્દર્શન પણ કર્યું. તેમણે 'શેઠનો સાળો' નામે ગુજરાતી ફિલ્મ પણ બનાવેલી - અલબત્ત, 1949માં. પરંતુ પેલી 16 ફિલ્મોમાં એક 'હોથલ પદમણી' પણ છે જે ગુજરાતી વિષય ધરાવતી હતી. તેમની દિગ્દર્શિત ફિલ્મોનો કુલ આંકડો કાંઈક આમ છે - 1921થી '30 સુધીમાં 59 મૂક ફિલ્મો, 1931થી '40 દરમિયાન 16 બોલતી હિન્દી ફિલ્મો અને ત્યાર બાદ '49માં ગુજરાતી ફિલ્મ 'શેઠનો સાળો.' સરવાળો કરો તો કુલ 76 ફિલ્મો. આટલો મોટો આંકડો સૂચવે છે કે તેમની શી પ્રતિષ્ઠા હતી. ટૉકી યુગમાં તેઓ મોટી સફળતા ન મેળવી શક્યા કારણ કે ઝડપભેર ઘણી પ્રતિભાઓ આવતી ગઈ અને ફિલ્મનિર્માણનું માળખું પણ બદલાતું ચાલ્યું. તેમણે ધીરુભાઈ દેસાઈની ચન્દ્રકલા પિકચર્સમાં પ્રોડક્શન મૅનેજરનું કામ સંભાળી લીધું. કાનજીભાઈ એવા છે જેમનું કામ મૂક ફિલ્મોમાં બોલે છે. ગુજરાતીના ઘણા વિષયો સાથે ક.મા. મુનશીની વાર્તા પરથી 'કોનો વાંક' (1929) બનાવનાર કાનજીભાઈ રાઠોડની ફિલ્મોમાં રાજા સેન્ડો, ખલીલ, ફાતિમા બેગમ, એર્મેલિન, ગોહર, પૂતલીબાઈ, ગુલાબ, રામપ્યારી, વગેરે અને બોલતી ફિલ્મોમાં સરદાર અખ્તર, પ્રેમ અદીબ, ચાર્લી, નવીનચન્દ્ર, અઝુરી, મારુતિરાવ પહેલવાન, વગેરેએ કામ કરેલું પણ એ જાણી આશ્ચર્ય પામશો કે 1921ની 'સતી અનસૂયા'માં તેમણે શકીના નામની હીરોઇનને થોડી ક્ષણ માટે પડદા પર નગ્ન બતાવેલી. કાનજીભાઈ આજે સ્મૃતિથી ઘણા દૂર છે અને દુઃખ એ વાતનું છે કે ન તો તેમની જન્મતારીખ કે ન મૃત્યુતારીખ ઉપલબ્ધ છે.

* * *

# ચંદુલાલ શાહ

## ફિલ્મ ઇન્ડસ્ટ્રીના પહેલા અને એકમાત્ર સરદાર

'સરદાર'ના ઉપનામથી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જાણીતા થયેલા ચંદુલાલ શાહે 1929માં રણજિત ફિલ્મ કંપની સ્થાપી અને ફિલ્મોનું ધોધમાર પ્રોડક્શન ચાલુ કર્યું. એમ જ સમજો ને કે રીતસરની ફૅક્ટરી. આ બૅનર હેઠળ તેમણે 37 મૂંગી ફિલ્મો, 120 બોલતી ફિલ્મો અને 2 ગુજરાતી ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. એ વાત જુદી છે કે તેમ છતાં છેલ્લા દિવસોમાં તેમનો બસમાં ફરવાનો વારો આવ્યો હતો...

હિન્દી ફિલ્મોમાં હીરો તેને કહેવાય છે જેની ગતિ શરૂમાં ધીમી હોય અને ફિલ્મ પૂરી થવા સુધીમાં એકદમ ઝડપી થાય. વિલન હોય તેનું તેનાથી ઊલટું બને; યાને અપથી ડાઉન, પરંતુ કેટલાક એવા હોય છે જે હીરો નથી હોતા બલકે અનેકને હીરોની જેમ ઝળકાવનારા હોય અને છતાં જીવનના આખરી દૌરમાં તેમના માટે જિંદગી જ ખલનાયક બને. વાત સરદારની છે. એ સરદારની કે વલ્લભભાઈ પટેલને સરદાર તરીકે સંબોધવાનું શરૂ થયું ત્યારે ફિલ્મજગતને પણ બીજી એક વ્યક્તિમાં 'સરદાર'પણું દેખાયેલું.

બંને 'સરદાર' ગુજરાતના. એક કરમસદના અને બીજા જામનગરના. નામ ચંદુલાલ જેસંગભાઈ શાહ. તેઓ ન્યૂ થિયેટર્સ-કોલકાતા, બોમ્બે ટૉકીઝ-મુંબઈ, પ્રભાત ફિલ્મ કંપની-કોલ્હાપુર, પૂણેની સામે નામ ગજાવનાર રણજિત ફિલ્મ કંપનીના મશહૂર માલિક, નિર્માતા, દિગ્દર્શક હતા. રામગોપાલ વર્માએ ફિલ્મનિર્માણની 'ફૅક્ટરી' કરી તેના સાત-આઠ દાયકા પહેલાં જેમણે ખરા અર્થમાં ફિલ્મનિર્માણની ફૅક્ટરી શરૂ કરી હતી અને અનેક કલાકારો, દિગ્દર્શકો, સંગીતકારોને તક આપી હતી. 'રણજિત' નામનું રહસ્ય જાણી લેવા જેવું છે. જામનગરનરેશ રણજિતસિંહના નામે રમાતી રણજી ટ્રૉફી ક્રિકેટ ટૂર્નામૅન્ટને સૌ જાણે છે. આ 'રણજિત ફિલ્મ કંપની' પણ એ રણજિતસિંહના નામે જ છે. વાત એમ હતી કે ચંદુલાલ શાહના પિતા જામનગર રિયાસતના કોઠારી હતા. ચંદુલાલ શાહને સ્વાભાવિક જ રણજિતસિંહ પ્રત્યે આદર એટલે પોતે ફિલ્મ કંપની શરૂ કરી ત્યારે તેમનું માત્ર નામ જ ન આપ્યું, બલકે રિયાસતનું રાજચિહ્ન રણજિતનું પ્રતીક બન્યું. ચંદુલાલ પોતે પણ રાજવીથી કમ ન હતા. શાહ-સોદાગરના મિજાજથી ફિલ્મો પણ બનાવી અને અંગત જિંદગી પણ જીવ્યા તથા કહાની બની શકે તેવા મોતનેય વર્યા.

રણજિત ફિલ્મ કંપની કે જે પાછળથી રણજિત મૂવીટોન બની તેની સ્થાપના તો 1929માં થઈ પરંતુ તે પહેલાં એપ્રિલ 1889માં જન્મેલા ચંદુલાલે લક્ષ્મી ફિલ્મ કંપની, કોહિનૂર ફિલ્મ

કંપની અને જગદીશ ફિલ્મ કંપનીમાં વાર્તાકાર તરીકે કારકિર્દી આરંભી, દિગ્દર્શક તરીકે પ્રગતિ કરીને 'પંચદંડ' (1925, લક્ષ્મી પિક્ચર્સ), 'ટાઇપિસ્ટ ગર્લ' (1926), 'ઍજ્યુકેટેડ વાઇફ', 'ગુણસુંદરી,', 'સતી માદ્રી', 'સિંધની સુમરી' (1927) જેવી કોહિનૂરની અને ત્યાર બાદ જગદીશ ફિલ્મ કંપનીની 'ગૃહલક્ષ્મી' અને 'વિશ્વ મોહિની'નું દિગ્દર્શન કરતાં કરતાં આ વેપારી પોતાની કંપની શરૂ કરવા તત્પર થઈ ચૂક્યા હતા. 'ટાઇપિસ્ટ ગર્લ' વેળા ગૌહરબાનુ જોડે કેળવાયેલો પરિચય બે-અઢી વર્ષમાં એવો ગાઢ બની ચૂક્યો હતો કે 1929માં રણજિત ફિલ્મ કંપની સ્થાપી ત્યારે ગૌહરબાનુની ભાગીદારી રાખેલી. આ ભાગીદારી પૂરાં પાંત્રીસ વર્ષ ચાલી. ગૌહરબાનુએ ત્યાર બાદ રણજિત સિવાય ક્યાંય અભિનય પણ ન કર્યો. તેઓ એકબીજાંને જે રીતે સમર્પિત રહ્યાં તે ફિલ્મજગતમાં ચર્ચાસ્પદ બનતા સંબંધોમાં સૌથી વધુ ગૌરવપૂર્ણ અને નમૂનેદાર સંબંધ હતો. મુંબઈ આવતાં પહેલાં જ પરણી ચૂકેલા ચંદુલાલને પ્રથમ પત્નીથી નવીન નામનો દીકરો પણ હતો.

રણજિતે 1929થી 1932 સુધીમાં 37 જેટલી મૂંગી ફિલ્મો અને ત્યાર બાદ 120 બોલતી ફિલ્મો અને બે ગુજરાતી ફિલ્મો ઉમેરી તો 122 ફિલ્મો બનાવી. માત્ર 32 વર્ષના ગાળામાં આટલી બોલતી ફિલ્મો બનાવનારા નિર્માતા શોધ્યે મળવા મુશ્કેલ છે. 1947 સુધી દર વર્ષે તેમની છ-સાત ફિલ્મો રજૂ થતી. આ ફિલ્મોમાં ગૌહર, ઈ. બીલીમોરિયા, મહેતાબ, માધુરી, ઈશ્વરલાલ ઘોરી, રાજા સેન્ડો, દીક્ષિત, ચાર્લીથી માંડી પૃથ્વીરાજ કપૂર, ખુર્શીદ, નૂરજહાં, અરુણ (ગોવિંદાના પિતા), મીનાકુમારી, કરણ દીવાન, નિરૂપા રૉય ઉપરાંત રણજિતની 11 ફિલ્મોમાં ચમકનાર મોતીલાલ પણ છે. મધુબાલાએ 'બેબી મુમતાઝ' તરીકે રણજિતની ચાર ફિલ્મોમાં કામ કરેલું, તો રાજ કપૂરની કારકિર્દીનો આરંભ પણ અહીંથી થયેલો. રાજની હીરો તરીકેની પ્રથમ ફિલ્મ 'નીલકમલ'ના નિર્માણમાં પણ તેમની મદદ હતી. દિલીપકુમારે રણજિતની 'જોગન' અને 'ફૂટપાથ'માં, તો દેવ આનંદે 'મધુબાલા' અને 'નીલી'માં કામ કરેલું. આ યાદીમાં મીનાકુમારી, બેગમ પારા, ઉષા કિરણ, ગીતા બાલી અને નરગિસ પણ છે. કુંદનલાલ સાયગલ જેવા ત્રીજા-ચોથા દાયકાના સુપર સ્ટાર ગાયક-અભિનેતાને ત્રણ ફિલ્મમાં અભિનય, ગાયન કરવા માટે ₹1,05,000 જેવી તે સમયની જબરદસ્ત મોટી રકમ ચૂકવનારા ચંદુલાલ શાહ હતા. ન્યૂ થિયેટર્સમાં મહિને 1450+2000=3450 મેળવનાર સાયગલને આટલી મોટી રકમ બીજી કોઈ કંપની આપે તેવી હિંમત કોઈનામાં ન હતી. ફિલ્મજગતમાં સ્ટારને સૌથી મોટી રકમ આપવાની શરૂઆત ચંદુલાલ શાહથી જ થઈ છે.

રણજિતમાં એક તરફ મારધાડવાળી ફિલ્મો બનતી, બીજી તરફ સામાજિક ફિલ્મો. એ સમયે ધાર્મિક ફિલ્મોનું ખૂબ ચલણ હતું. તેથી 'સતી સાવિત્રી', 'કૃષ્ણ-સુદામા', 'સંત તુલસીદાસ', 'ભક્ત સુરદાસ' અને 'શંકર-પાર્વતી' જેવી ફિલ્મો પણ બની. 'ચાર ચક્રમ' જેવી પ્રથમ કૉમેડી ફિલ્મ પણ ઠેઠ 1932માં બનાવી હતી. 'જોગન', 'ફૂટપાથ' અને 'હમલોગ' જેવી ઊંચા ધોરણની ફિલ્મો પણ ચંદુલાલ શાહે બનાવી. તેમણે લગભગ 21 જેટલા દિગ્દર્શકો પાસે ફિલ્મો બનાવડાવી જેમાં સૌથી વધુ 31 ફિલ્મોના દિગ્દર્શક જયંત દેસાઈ હતા. નંદલાલ જશવંતલાલ, મણિભાઈ વ્યાસ, ચાર્લી, ચતુર્ભુજ દોશી, અસ્પી ઈરાની, રતિભાઈ પુનાતર જેવા ગુજરાતી દિગ્દર્શકો અહીં જ ઝળક્યા અને એ.આર. કારદાર, ઝિયા સરહદી, વજાહત મિર્ઝા પણ રણજિતના દિગ્દર્શકો હતા. કેદાર શર્મા જેવા દિગ્દર્શકે અહીં દશ ફિલ્મોનું દિગ્દર્શન

કર્યું. ઉસ્તાદ ઝંડે ખાં, રેવાશંકર અને ગંગાપ્રસાદ, બન્ને ખાં, જ્ઞાનદત્તથી માંડી ખેમચંદ પ્રકાશ, બુલો સી. રાની, હંસરાજ બહલ, એસ. મોહિન્દર, રોશન, ખૈયામ અને રણજિતની 1963ની આખરી ફિલ્મ 'અકેલી મત જઈયો'માં મદનમોહન, આ હતા રણજિત કંપનીના સંગીતકારો. ફિલ્મોમાં હીરો, દિગ્દર્શક, સંગીતકાર યા કાંઈ પણ બનવા માગનારા માટે જાણે રણજિતના શેઠ ચંદુલાલ શાહ આશ્રયસ્થાન સમા હતા. તેમની કંપનીમાં એક સમયે 700-800 કલાકાર, ટૅક્નિશિયનો કામ કરતા હતા. આ બધા માટે તેમણે રૅશનિંગની દુકાન પણ ખોલી હતી, જેથી તેમને ત્યાં કામ કરનાર કદી ભૂખ્યો ન રહે. મુંબઈના દાદર (પૂર્વ)માં આવેલી તેમની કંપનીમાં શૂટિંગ માટે ચાર સ્ટુડિયો હતા. એ સ્ટુડિયોમાં જ એક મોટા ચોકમાં ચંદુલાલ શાહ અને ગૌહરબાનુનું કાર્યાલય રહેતું. સવારે જ્યારે તે બંને કારમાંથી ઊતરે ત્યારે તેમના ઇંતજારમાં અનેકો ઊભા રહેલા હોય તેવું રોજિંદું દશ્ય હતું. આવીને સોફા પર બેસે એટલે કામ શરૂ થાય. કામ માગવા આવેલા દિગ્દર્શક, કલાકાર, સંગીતકારને તેઓ થોડી જ વારમાં પારખી લે અને કામ આપે.

લાખો-કરોડોનું ટર્નઓવર કરનાર અને અનેકો માટે 'શેઠ' એવા ચંદુલાલ શાહ ભારે દિલદાર અને સાહસી હોવા ઉપરાંત શૅર-સટ્ટાબાજ પણ હતા. સતત ફિલ્મ બનાવનારનો મિજાજ સટ્ટાનો ન બને તો જ નવાઈ! આઝાદી પછી તેમણે સટ્ટામાં જ એકાદ કરોડ ગુમાવેલા પણ તેમણે કોઈને રોવડાવેલ નહીં. પોતાની સંપત્તિ, સ્ટુડિયો વેચીને, ગીરવી મૂકીને લેણિયાતોને 96 લાખ જેટલી રકમ ચૂકવી દીધી હતી. એક વાર 'ઊઠી' ગયા પછી તેઓ ફરી ઊભા થઈ શક્યા નહીં. ચંદુલાલ શાહે આપેલાં નામ-દામથી અનેકનાં બંગલા-કાર થયાં પણ આખરી દિવસોમાં તેઓ સ્વયં બસમાં સફર કરતા હતા. એક વખત 'અછૂત' જેવી ફિલ્મ બનાવનાર સરદાર ચંદુલાલ શાહ સૌને માટે અછૂત બની ચૂક્યા હતા.

છેલ્લે તેમણે રાજ કપૂર-નરગિસ અભિનીત 'પાપી'નું દિગ્દર્શન કર્યું હતું અને તેઓ જ્યારે 1975ની 25મી નવેમ્બરે મૃત્યુ પામ્યા ત્યારે તેમની સ્મશાનયાત્રામાં સ્ટુડિયોના કેટલાક કર્મચારીઓ ઉપરાંત માત્ર રાજ કપૂર હતા. કેદાર શર્મા જેવા ચંદુલાલ શાહના ખાસ દિગ્દર્શકના કહ્યા અનુસાર એક વાર ચંદુલાલ શાહે પૂછેલું કે મારા વિશે તારો શું મત છે? પ્રત્યુત્તરમાં કેદાર શર્માએ જણાવેલું કે, 'આપ કા ચહેરા લોહે કા, બાલ ચાંદી કે ઔર દિલ સોને કા હૈ.' એમનું આ વિધાન ખરેખર સત્ય જ હતું. ચંદુલાલ શાહ જેવું વ્યક્તિત્વ કોઈકનું જ હોઈ શકે!

* * *

# ચીમનલાલ દેસાઈ

મહેબૂબ ખાન જેવું મોતી પકવનાર નિર્માતા

ભરૂચના આમોદ ગામમાં જન્મેલા નિર્માતા ચીમનલાલ દેસાઈએ ઘણા દિગ્દર્શકો-અભિનેતાઓને તક આપી, જેમાં એક મહેબૂબ ખાન પણ હતા. મહેબૂબ ખાનને સૌ પ્રથમ વાર 'અલ હિલાલ' ફિલ્મનું દિગ્દર્શન સોંપનાર ચીમનલાલ જ હતા. મહેબૂબ ખાને 'મધર ઇન્ડિયા' જે ફિલ્મ પરથી બનાવી હતી તે ફિલ્મ 'ઔરત'ના નિર્માતા પણ ચીમનલાલ દેસાઈ જ હતા...

ફિલ્મોદ્યોગનાં દરેક કામમાં ઓછાં-વધતાં સાહસ અને પડકાર ઝીલી શકે તે લાંબી અને સરવાળે સફળ કારકિર્દી પોતાને નામે કરી શકે. આ ફિલ્મોદ્યોગમાં કદાચ સૌથી વધુ સાહસ અને પડકાર નિર્માતાઓ ઝીલે છે. કરુણતા એ હોય છે કે તેમની ચર્ચા સૌથી ઓછી થાય છે. ફિલ્મનિર્માતામાં તો વાર્તાને, દિગ્દર્શકને, કલાકારને, સંગીતકારને પારખવાની સર્જનાત્મક દૃષ્ટિ પણ જરૂરી હોય છે. ફિલ્મો બોલતી થઈ ત્યારે આ ક્ષેત્રમાં અનેક ગુજરાતીઓ હતા. બોલતી ફિલ્મના પ્રથમ દાયકામાં (1931-40) મુંબઈ ખાતે ઇમ્પિરિયલ, રણજિત, વાડિયા મૂવીટોન, પ્રકાશ પિક્ચર્સ, બોમ્બે ટૉકીઝ, સાગર, વિષ્ણુ સિનેટોન, પૅરામાઉન્ટ, સરોજ મૂવીટોન, જયંત પિક્ચર્સ, શારદા મૂવીટોન અને મિનરવા નામે જે ફિલ્મ કંપનીઓ હતી તેમાં મોટા ભાગની ગુજરાતીઓની જ હતી. જેના માલિક ગુજરાતી ન હોય તેમાંય મુખ્ય ભાગીદાર તો ગુજરાતી જ હતા. ફિલ્મનિર્માણ પોતે જ એક કલા છે. તેના અમુક ચોક્કસ નિયમો છે. આનું ઉદાહરણ પૂરું પડે તેવા એક નિર્માતા તરીકે ચીમનલાલ બી. દેસાઈને યાદ કરી શકો. હા, અત્યારની પેઢી માટે આ દેસાઈ જરા દૂરના કહી શકાય પરંતુ તેમણે જે સાહસિક, વ્યાપારી દૃષ્ટિથી ફિલ્મોદ્યોગમાં વર્ચસ્વ જમાવેલું તે દૃષ્ટિ તો આજેય કુશાગ્ર બુદ્ધિની કહી શકાય તેવી છે. ચીમનભાઈ પોતે તો એક પાયોનિયર નિર્માતા ગણી જ શકાય પણ તેમણે એવા અનેક કલાકાર, દિગ્દર્શક, સંગીતકાર, વગેરેને પોતાની ફિલ્મમાં પ્રથમ પગલું મંડાવ્યું જે પછી બહુ મોટા કહેવાયા.

હિન્દી ફિલ્મજગતમાં ગુજરાતીઓમાં ભરૂચ વિસ્તારનું નામ બહુ ઓછું જણાય છે. પરંતુ 30-9-1885માં જન્મેલા ચીમનલાલ દેસાઈનું જન્મસ્થળ ભરૂચનું આમોદ. નાનપણમાં દાદીમા પાસે ગોધરા, કપડવંજમાં રહી ચૂકેલા બ્રહ્મક્ષત્રિય ચીમનલાલના વડીલો નવા જમાનાને પારખનારા હતા. ચીમનલાલે તે વેળા મૅટ્રિક સુધી અભ્યાસ કરેલો અને મુંબઈની ડાયર્સ કૉલેજમાં ટાઇપિંગનુંય શિક્ષણ લીધેલું. વીસમી સદીના શરૂના દાયકાઓ ઘણી બધી શક્યતાઓવાળા હતા. ચીમનલાલ 1909માં અમદાવાદ ગયા તો જોયું કે મિલોને કોલસાની ભારે જરૂરિયાત છે. તેમણે ધનબાદ જઈ અમદાવાદની મિલો પર કોલસો મોકલવો શરૂ કર્યો. આ બધા

પછી તેમણે ભરૂચમાં પ્રેસ નાખ્યું અને ત્યાં પણ કોલસાનો વેપાર કરી ઊજળા થયા. વેપાર ક્યાં છે તેની નજર રાખતા ચીમનલાલ 1914માં ચેન્નઈ ગયા અને અમદાવાદની મિલોનાં કાપડનો જથ્થાબંધ ધંધો શરૂ કર્યો. ત્યાંથી વળી મૈસૂર ગયા ને કાપડના ધંધાનો પનો લાંબો કર્યો. 1923 સુધીમાં તેઓ ચાળીસી નજીક હતા ત્યારે એક ફિલ્મ વિતરક ફસાયા અને તેને બચાવવામાં સમજી લીધું કે ફિલ્મનો ધંધો શું છે. માણસ પાછા સમજદાર એટલે અજાણ્યા ધંધામાં ભાગીદાર રાખે જ રાખે. ડૉ. અંબાલાલ પટેલ સાથે તેમણે 'સિલેક્ટ ફિલ્મ સર્કિટ ડિસ્ટ્રિબ્યૂશન' નામે સંસ્થા શરૂ કરી અને અરદેશર ઈરાનીની ઇમ્પિરિયલ કંપનીની ફિલ્મો દક્ષિણ તરફ રજૂ કરવાના અધિકાર લીધા. એ જ રીતે સરોજ ફિલ્મ કંપનીના નાનુભાઈ દેસાઈ કે જે માસ્ટર વિઠ્ઠલને લઈ સ્ટંટ ફિલ્મ બનાવી પ્રેક્ષકો વચ્ચે મશહૂર હતા, તેમની ફિલ્મોનીય એજન્સી લીધી. પરંતુ ફિલ્મના ધંધામાં પડનાર સાહસિક માણસ મુંબઈ આવ્યા વિના રહે નહીં. પેલા નાનુભાઈ દેસાઈએ ઇમ્પિરિયલના અરદેશર ઈરાની સાથે સાગર ફિલ્મ કંપની સ્થાપી પરંતુ બેઉ વચ્ચે જામ્યું નહીં એટલે ઈરાનીએ ચીમનલાલને કહ્યું કે, લો, તમે જ પચાસ હજારમાં આ 'સાગર' ખરીદી લો. ચીમનલાલે પેલા ડૉ. અંબાલાલ પટેલ સાથેની ભાગીદારીમાં કંપની ખરીદી અને મુંબઈમાં અરબ સાગર સામેની ચોપાટી પર જ તેનો સ્ટુડિયો કર્યો. 1930માં તેઓ સાગરના માલિક થયા ત્યારે બોલતી ફિલ્મોનો જમાનો શરૂ થવાને વર્ષ બાકી હતું. બસ, ત્યારથી ઝુકાવ્યું તે ઠેઠ 1948 સુધી તેમની ફિલ્મો આવતી રહી. આ દરમિયાન તેમની નિર્માણસંસ્થાનાં નામ પણ બદલાતાં રહ્યાં. સાગર ફિલ્મ કંપની હેઠળ બાર મૂંગી અને બાવન જેટલી બોલતી હિન્દી ફિલ્મો બની. સાગર જ્યારે નૅશનલ સ્ટુડિયો બની ત્યારે 1940થી 47 દરમિયાન 16 ફિલ્મો બની. જેમાંથી શરૂની કેટલીક ફિલ્મના નિર્માણ જોડે તેઓ સંકળાયેલા હતા. ચીમનલાલ દેસાઈને કુલ પાંચ પુત્રો હતા અને મોટા પુત્ર સુરેન્દ્ર (બુલબુલ) દેસાઈના પુત્ર અમર એટલે કે પૌત્રના નામે અમર પિક્ચર્સ શરૂ કરેલું અને તે બૅનર હેઠળ કુલ 6 ફિલ્મો બનાવી હતી. ચીમનલાલ તો ખરા જ, તેમના મોટા ભાઈ ચુનીભાઈ દેસાઈએ પણ ત્રણ ફિલ્મોનું નિર્માણ કરેલું. 'મુઝરિમ', 'મઝદૂર' અને શ્રી ફિલ્મ્સના બૅનર હેઠળ 'પરાયા ધન'. તેઓ સુપ્રિમ ફિલ્મ ઍક્સ્ચેન્જના નામ હેઠળ ફિલ્મ ડિસ્ટ્રિબ્યૂશનનું મોટા પાયે કામ કરતા.

ચીમનલાલ બી. દેસાઈનાં બૅનર એટલાં પ્રતિષ્ઠિત હતાં કે ત્યારની બીજી નિર્માણ કંપનીઓ સતત તેનાથી સ્પર્ધાભાવ અનુભવતી. આ પ્રતિષ્ઠા એ માટે હતી કે તેમની ફિલ્મોમાં ત્યારના સફળ અને નામી કલાકારો ચમકતા અને બીજી બાબત એ પણ હતી કે સાગર જે નવોદિતનો હાથ પકડતી તે ભવિષ્યમાં સ્ટાર બનશે તેવું સૌને લાગતું. આનું સૌથી મોટું ઉદાહરણ મહેબૂબ ખાન હતા. રાજ કપૂર જેવા અભિનેતા, નિર્માતા અને દિગ્દર્શકની પ્રારંભિક તાલીમમાં ચંદુલાલ શાહની રણજિત મૂવીટોનનું પ્રદાન છે તો રાજ કપૂરના મોટા પ્રતિસ્પર્ધી ગણાયેલા મહેબૂબ ખાનને અભિનેતા તરીકે અને ત્યાર બાદ 'અલ હિલાલ' ફિલ્મ વડે પહેલી જ વાર દિગ્દર્શન સોંપનાર સાગર મૂવીટોન જ હતું. એટલું જ નહીં મહેબૂબ દિગ્દર્શિત પહેલી આઠ ફિલ્મો સાગર મૂવીટોનની છે અને સાગર મૂવીટોન જ્યારે નૅશનલ સ્ટુડિયો થયું ત્યારે મહેબૂબે 'ઔરત', 'બહેન', 'રોટી' ફિલ્મનું દિગ્દર્શન પણ એ બૅનર હેઠળ જ કરેલું. ચીમનલાલ દેસાઈ શુદ્ધ અર્થમાં નિર્માતા હતા. તેમણે ક્યારેય દિગ્દર્શક તરીકેય પોતાનું નામ હોય તેવા

પ્રયત્નો ન કર્યા. તેઓ સતત સારા દિગ્દર્શકની અને સારી વાર્તાની તલાશમાં રહેતા. ફિલ્મ ધંધો છે અને વાર્તા એ આપણા ધંધાનું મૂળ છે તેવું તેઓ દઢતાપૂર્વક કહેતા. તેમણે પ્રફુલ્લ ઘોષ, કે.પી. ઘોષ, અઝરા મીર, રામચંદ્ર ઠાકુર અને મહેબૂબ જેવા દિગ્દર્શકોને સાગર મૂવીટોનથી મશહૂર બનાવ્યા તો મા. વિઠ્ઠલ, ડેવિડ, મોતીલાલ, સવિતાદેવી, ચાર્લી, કુમાર, શોભના સમર્થ, શેખ મુખ્તાર, નલિની જયવંત, જદ્દનબાઈ, સુરેન્દ્ર, બીબ્બો, હરીશ, અરુણ, જ્યોતિ, યાકુબ, કનૈયાલાલ, વી.એચ. દેસાઈ, સિતારા, સ્નેહપ્રભા પ્રધાનને આરંભિક કારકિર્દી ઘડવાની તક પૂરી પાડી. 'મધર ઇન્ડિયા'થી જાણીતા સુખીલાલ એટલે કે કનૈયાલાલને ચીમનલાલ દેસાઈએ સૌ પ્રથમ ₹35ના માસિક પગારે નોકરી આપી 'ગ્રામોફોન સિંગર' ફિલ્મમાં પ્રથમ વાર અભિનયની તક આપી. જૉની વૉકર, મહેમૂદ જેવા જેને ગુરુ માનતા તે નૂરમોહમ્મદ 'ચાર્લી'એ પણ સાગરની 'ઝરીના'થી જ આરંભ કરેલો. યાકુબનું નામ ચરિત્ર અભિનય અને ખલનાયકી માટે મશહૂર છે. તેમની પહેલી બોલતી ફિલ્મ સાગરની 'રોમાન્ટિક પ્રિન્સ' છે. 'મધર ઇન્ડિયા'ની જે ભૂમિકાથી સુનિલ દત્ત જાણીતા થયા તે બિરજુની મૂળ ભૂમિકા 'ઔરત'માં ભજવનાર યાકુબ હતા ને તે ફિલ્મ નૅશનલની જ હતી. નલિની જયવંતે નૅશનલ સ્ટુડિયોની 'બહેન'થી જાણીતાં થવાનું શરૂ કરેલું. નરગિસની મા જદ્દનબાઈને તેમણે 'નાચવાલી'માં અભિનયની તક આપેલી તો ગ્રેટ ઍક્ટર તરીકે જાણીતા મોતીલાલની પ્રથમ ફિલ્મ 'શહર કા જાદૂ' પણ સાગરની છે. ચીમનલાલ બી. દેસાઈએ લગભગ 19 જેટલા દિગ્દર્શકો સાથે કામ કર્યું તેમાં મહેબૂબ તો છે જ પણ નંદલાલ જશવંતલાલ, સર્વોત્તમ બદામી, નાનુભાઈ વકીલ, ચીમનલાલ લુહાર, ઝિયા સરહદી, કારદાર, અઝરા મીર, પ્રફુલ્લ ઘોષ પણ કંઈ કમ જાણીતા ન હતા.

નિર્માતા ચીમનલાલ બી. દેસાઈને એ માટે પણ સલામ મારવી જોઈએ કે તેમણે ગુજરાતી લેખકોની કૃતિ પરથી ફિલ્મ બનાવી હતી. કનૈયાલાલ મુનશી ભરૂચના જ અને તેમની નવલકથા પરથી 'વેરની વસૂલાત', 'ડૉ. મધુરિકા', 'કુળવધૂ' બની તો રમણલાલ વ. દેસાઈની નવલકથા પરથી 'કોકિલા' અને 'સાધના' બની. વજુ કોટકની વાર્તા પરથી 'ખિલૌના' બની. ચીમનલાલ હંમેશાં સુશિક્ષિતોને તક આપવા આગળ રહેતા. દિગ્દર્શક નાનુભાઈ વકીલ બી.એ., એલ.એલ. બી. હતા. ચીમનલાલ લુહાર બી.એસસી., સુરેન્દ્ર બી.એ., એલ.એલ.બી., સ્નેહપ્રભા પ્રધાન પણ કૉલેજ કરીને આવી હતી. ચીમનલાલ દેસાઈ ઉત્તમ સંગીતકારોનોય આગ્રહ રાખતા. અનિલ બિશ્વાસ જેવા સાગરથી જ જાણીતા થયા. ન્યૂ થિયેટર્સના જાણીતા તિમિર બરનને પણ તેમણે 'કુમકુમ ધ ડાન્સર'માં સંગીતની તક આપેલી. ખેમચંદ પ્રકાશ, જ્ઞાનદત્ત, હંસરાજ બહલ જેવા પણ ચીમનલાલ બી. દેસાઈના બૅનરમાં સંગીતકાર રહી ચૂક્યા છે. જો કે તેમના માટે સૌથી વધુ 12 ફિલ્મોમાં અનિલ બિશ્વાસે તો 9 ફિલ્મોમાં પ્રાણસુખ નાયકે સંગીત આપ્યું છે. કોલકાતાની 'ધૂપછાંવ'થી પાર્શ્વગાયનની શરૂઆત થઈ એવા દાવા સામે એમ કહેવાય છે કે સરસ્વતીદેવીએ બોમ્બે ટૉકીઝમાં તો અનિલ બિશ્વાસે સાગરની 'મહાગીત'માં પાર્શ્વગાયનનો આરંભ કર્યો હતો. ચીમનલાલ અત્યંત વ્યવસાય-સભાન હતા તેથી 'ફિલ્મ ઇન્ડિયા'(પાછળથી 'મધર ઇન્ડિયા')ના ચર્ચાસ્પદ તંત્રી બાબુરાવ પટેલને સાગરનો પબ્લિસિટી વિભાગ સોંપેલો. એ જ રીતે 'ઔરત' જેવી ફિલ્મના આ નિર્માતાએ માત્ર સ્ત્રી પ્રેક્ષક માટેના અલગ શો દાખલ કરેલા. મૂળ 'મધર ઇન્ડિયા' એટલે કે 'ઔરત'માં સારી મા અને બગડેલા દીકરા વચ્ચે

ક્લાઇમેક્સ ફિલ્માવવાનો હતો ત્યારે મૂંઝાયેલા મહેબૂબે ચીમનલાલ દેસાઈનાં પત્ની કૂકુબાને (જેને તેઓ બા કહેતાં) પૂછ્યું. બા કહે, 'મારો છોકરો આવું કામ કરે તો હું જાતે તેને ગોળીએ દઉં.', મહેબૂબે એમ જ કર્યું, 'ઔરત'માં પણ અને 'મધર ઇન્ડિયા'માં પણ.

તે વેળાના ફિલ્મોદ્યોગમાં ચંદુલાલ શાહ જો 'સરદાર' તરીકે જાણીતા હતા તો ચીમનલાલ બી. દેસાઈ 'ચાચા' તરીકે પ્રતિષ્ઠિત હતા. સુભાષચંદ્ર બોઝ અને જવાહરલાલ નેહરુને પોતાની કંપનીમાં નિમંત્રવાનું ગૌરવભેર સાહસ કરનાર ચીમનલાલ દેસાઈ હંમેશ માથે કાળી ટોપી પહેરતા. તેઓ સ્ટુડિયોમાં દાખલ થાય ત્યારે દરેક જણ હળવેથી પૂછી લેતું, 'શેઠની ટોપી આજે આગળ છે કે પાછળ?' જો કપાળ પર હોય તો સમજાતું કે શેઠ આનંદમાં છે ને પાછળ ખસેલી હોય તો કોઈ મૂંઝવણમાં યા ગુસ્સામાં હોય. સ્ટુડિયોમાં તેમણે નિયમ કરેલો કે કોઈ પણ મોડું આવે તો તેને દંડ કરવો. એક વાર મોતીલાલ જેવાય મોડા પડેલા તો પોતાના ખિસ્સામાંથીય દંડની રકમ કાઢી, નિયમ પાળેલો. સાગર આર્થિક સંકટમાં આવતાં યુસુફ ફાઝલ ભોયની કંપની જનરલ ફિલ્મ્સ સાથે તેનું વિલીનીકરણ કરવામાં આવ્યું અને નૅશનલ સ્ટુડિયોઝ નામની નવી કંપની અસ્તિત્વમાં આવી. એ જમાને આવડું મોટું સાહસ કોઈક જ કરે! જો કે તેમાં નિષ્ફળ ગયા પછી અમર પિક્ચર્સ સ્થાપેલી. એ જ રીતે તેમણે 'મહાભારત' નામે મહત્ત્વાકાંક્ષી ફિલ્મ બનાવેલી જે ખૂબ લાંબી થતાં આખરે બે ભાગ તરીકે અલગ અલગ રજૂ કરેલી. તેમના પાંચ દીકરામાંથી બે - સુરેન્દ્ર અને વીરેન્દ્ર દેસાઈ - દિગ્દર્શક હતા, અન્ય મધુકર, રમાકાંત અને કૃષ્ણકાંત (હવે કોઈ હયાત નથી). વીરેન્દ્ર દેસાઈ દિગ્દર્શિત 'નિર્દોષ'માં પાર્શ્વગાયક મુકેશે પ્રથમ વાર અભિનય કરેલો. ચીમનલાલ દેસાઈ ગુજરાતી ફિલ્મોના ઇતિહાસના આરંભિક છે. 1932ની પહેલી ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા' અને ત્યાર બાદ 'બે ખરાબ જણ' અને 1948ની 'કરિયાવર'ના નિર્માતા પણ તેઓ હતા. ફિલ્મજગતમાં અનેકને મદદ કરનારા ચીમનલાલ બી. દેસાઈ પૂરાં 87 વર્ષે 7-7-1972ને દિવસે નિધન પામ્યા. અફસોસ એવો કે તેમની એકાદ પ્રિન્ટ સિવાય ભાગ્યે જ કોઈ ફિલ્મની પ્રિન્ટ ઉપલબ્ધ છે. આટલી મોટી ને મહત્ત્વની ફિલ્મકંપનીની ફિલ્મો ન સચવાઈ શકી તે ફિલ્મ ઇતિહાસનુંય વિષાદજનક પ્રકરણ છે.

* * *

# જે. એફ. માદન

172 થિયેટર બાંધનાર ભારતના પ્રથમ મૂવી-મુઘલ

ભારતનું પ્રથમ થિયેટર 'એલ્ફિન્સ્ટન પિક્ચર પૅલેસ' બાંધનાર પારસી ગુજરાતી જે.એફ. માદન હતા. એ પછી તો તેમણે એક પછી એક 172 થિયેટરો બાંધ્યાં! આટલાં બધાં થિયેટરોની ડિમાન્ડને પહોંચી વળવા ફિલ્મનિર્માણની શરૂઆત કરી. તેમની કંપની 'માદન થિયેટર્સ' હેઠળ 94 મૂંગી ફિલ્મો અને 60 બોલતી ફિલ્મોનો ઇતિહાસ બોલે છે. કમનસીબે આજે આમાંનું કશું હયાત નથી...

એ સ્વીકાર્યા વિના તો ચાલે તેમ નથી કે અંગ્રેજો પોતાની સાથે જે ધંધા-ઉદ્યોગની નવી પેટર્ન લાવ્યા, નવી સામાજિકતા, શિક્ષણ, મનોરંજન, વગેરે લાવ્યા તેને સૌ પ્રથમ ઝીલનારાઓમાં અનેક પારસીઓ હતા. ભારતીય ફિલ્મોદ્યોગની સ્થાપક પ્રતિભાઓમાં જે કેટલાક મહત્ત્વના પારસીઓ છે તેમાં સૌથી મહત્ત્વના છે જમશેદજી ફરામજી માદન. ટૂંકમાં જે.એફ. માદન. 27 એપ્રિલ, 1857ના રોજ (ઘણા જેમનું જન્મવર્ષ 1856 લખે છે.) મુંબઈમાં જન્મેલા. જમશેદ માદને એલ્ફિન્સ્ટન નાટક મંડળીમાં અભિનેતા તરીકે આરંભ કરેલો. કુંવરજી નાઝરે ત્યારે બોરીબંદર સ્ટેશન સામે 'ગેઇટી થિયેટર' બાંધેલું (હવે તેનું નામ કૅપિટલ થિયેટર છે.) તેમાં આ નાટક ભજવાતાં. પારસી કંપનીઓ તો દેશમાં ફરતી રહે. કંપની સાથે ફરતાં ફરતાં જમશેદજી જ્યારે 1875માં કોલકાતા આવ્યા ત્યારે અઢારના થઈ ચૂક્યા હતા. કોલકાતામાં સ્થાયીરૂપે નાટકો થાય તો કમાણીની ભારે શક્યતા હતી તે જાણીને તેઓ કંપનીથી અલગ થઈ કોલકાતામાં જ રોકાઈ પડ્યા. તે વખતે તેમને ખબર નહીં કે નાટકમાં જમાવવા આવેલા ફિલ્મોમાં જમાવશે. મુંબઈમાં ટૂંકી ફિલ્મોનાં પ્રદર્શન શરૂ થયાં ને લોકટોળાં ભેગાં થવાં માંડ્યાં ત્યારે તેમનેય થયું કે નાટકનું બહુ થયું.

હવે આમાં ઝંપલાવીએ. 1902માં તેમણે ફિલ્મ બતાવવાનું સાધન ખરીદ્યું અને કોલકાતાનાં મુખ્ય સ્થાનો પર ફિલ્મ દેખાડવી શરૂ કરી. આ એવું ચાલી નીકળ્યું કે તંબુમાં ફિલ્મ બતાવતા હતા તેના સ્થાને પાકું થિયેટર બાંધવાનું નક્કી થયું. તે સમયે આખા દેશમાં એકેય પાકું થિયેટર નહીં. 1907માં તેમણે એલ્ફિન્સ્ટન પિક્ચર પૅલેસ બંધાવ્યું. ત્યારે તે ભારતનું પ્રથમ કાયમી પાકું થિયેટર બની ગયું. જેનું નામ પછીથી મિનરવા થયેલું. આ થિયેટર પછી કોલકાતામાં તો બીજાં પાકાં થિયેટર બાંધ્યાં જ, સાથે સાથે ભારતનાં મહત્ત્વનાં શહેરો ઉપરાંત સિંગાપુર, મલાયા, સિલોન, બર્મામાં પણ થિયેટરો ઊભાં કર્યાં. આ થિયેટરોનો આંકડો 172 સુધીનો છે.

આટલાં બધાં થિયેટરો હોય અને જમશેદજી પોતાની ફિલ્મો ન બનાવે તેવું તો વિચારી જ કેમ શકાય? શરૂમાં દાદાસાહેબ ફાળકે વગેરેએ બનાવેલી ફિલ્મો તેમણે બતાવી પણ થિયેટરો આટલાં બધાં હોય તો પહોંચી વળવું કઈ રીતે? શરૂમાં જ્યોતિષ સરકારને દસ્તાવેજી ફિલ્મ 'ગ્રેટ બંગાલ પાર્ટિશન મૂવમેન્ટ'માં નાણાકીય મદદ કરી અને 1917માં તેમણે 'સત્યવાદી રાજા હરિશ્ચન્દ્ર' જેવા શીર્ષક સાથે જ (દાદાસાહેબ ફાળકેની પહેલી ફિલ્મનો પણ એ જ વિષય હતો.) ફિલ્મ બનાવી, જેના દિગ્દર્શક રૂસ્તમજી દોટીવાલા હતા. આ ફિલ્મ સાથે હિન્દુ ધર્મમાં જાણીતા પુરાણપાત્ર 'પ્રહ્લાદ ચરિત્ર' પર ફિલ્મ બનાવી. 1919માં 'બિલ્વમંગલ' બનાવી જેને પ્રથમ બંગાળી કથા ફિલ્મ તરીકે ઓળખવામાં આવે છે. જો કે તેની કથા ગુજરાતના ચાંપશી ઉદ્દેશીની હતી. આ ફિલ્મો મૂળ તો નાટક હતી. સાથે બંગાળના પ્રિય સાહિત્યકારો બંકિમચંદ્ર ચેટર્જી ('વિષયવૃક્ષ'-1922 અને 1928, 'દુર્ગેશ નંદિની'-1927, 'કૃષ્ણકાન્તાર' વીલ-1927, 'ઇન્દિરા'-1929, 'રજની'-1929, 'કપાલ કુંડલા'-1929, 'મૃણાલિની'-1930, 'રાધારાની'-1930, 'રાજસિંહ'-1930, 'દેવી ચૌધરાની'-1931)ની વાર્તા પરથી કુલ અગિયાર અને રવીન્દ્રનાથ ટાગોર ('ગિરીબાલા'-1930, 'નૌકાડૂબી'-1932)ની વાર્તા-નવલકથા પરથી ત્રણ ફિલ્મો બનાવી. તે વેળા ટાગોર કોઈ બિનબંગાળીને ફિલ્મ બનાવવા રજા આપે તે વાત જ મોટી ગણાતી, પરંતુ માદન જેવા ગુજરાતી જેટલા પારસી, તેટલા જ બંગાળી હતા. તેમની આ ફિલ્મોમાં શિશિરકુમાર ભાદુડી જેવા બંગાળી નાટકોના મહાન અભિનેતા હતા. તેમણે તો 'એકાદશી', 'કમાલે કામિની', 'બરેર બજાર' જેવી ફિલ્મોમાં અભિનય ઉપરાંત દિગ્દર્શન પણ સંભાળેલું.

જોતજોતાંમાં માદનની કંપની બંગાળી પ્રતિભાઓને વિકસાવવા માટેનુંય સ્થાન બની ગઈ. જ્યોતિષ બૅનર્જીએ તેમની 23થી વધુ મૂંગી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું. માદન થિયેટર્સે 1917થી 1932 સુધીમાં 94 જેટલી મૂંગી ફિલ્મો બનાવી. 1922માં તેમણે 'લૈલામજનૂ' જેવી લોકપ્રિય પ્રણયકથાને ફિલ્માવી પછી 'નર્તકી તારા', 'પતિભક્તિ', 'રાજકુમારી બૂદર', 'નૂરજહાં', 'પત્નીપ્રતાપ', 'સતી સાવિત્રી', 'તૂર્કી હૂર', 'અધૂરે ચેલે', વગેરે ફિલ્મોનું નિર્માણ કર્યું. આ ફિલ્મોમાં 1924ની 'સતી સાવિત્રી' ફિલ્મ ઇટાલીના સહકારથી બનાવી હતી. આ રીતે વિદેશના સહકારથી બનનારી તે પ્રથમ ફિલ્મ હતી.

કોલકાતા યા બંગાળ ન્યૂ થિયેટર્સથી પછી જાણીતું થયું, પરંતુ ભારતના પ્રથમ મૂવી-મુગલ તો માદન જ હતા. જેઓની પાસે પોતાનાં પોણા બસો જેટલાં થિયેટરો હોય, વિતરણની વ્યાપક વ્યવસ્થા હોય અને નિર્માણ સંસ્થા હોય, તેમને મૂવી-મુગલ જ કહેવા પડે ને! જે.એફ. માદન 1923માં મૃત્યુ પામ્યા પરંતુ માદન થિયેટર્સનું બૅનર તેમના ત્રીજા નંબરના દીકરા જીજીભોયે જીવતું રાખ્યું. તેથી કુલ 94 મૂંગી ફિલ્મો પછી 60 જેટલી બોલતી ફિલ્મો આ બૅનરના નામે છે.

1925માં માદનના સ્ટુડિયોમાં આગ લાગતાં ઘણું નષ્ટ થયું પણ તરત કામ શરૂ કરી દેવાયું. 1926માં 'જયદેવ' ફિલ્મ બનાવી અને તે કોલકાતામાં 23 અઠવાડિયાં ચાલી. 1932 સુધી બનતી રહેલી માદનની મૂંગી ફિલ્મોમાં 'રેસ કી ઠેસ' એવી ફિલ્મ છે જેને સરકારે પ્રતિબંધિત કરેલી. 1930ની 'કાલ પરિણય' ફિલ્મને માદન થિયેટર્સની એક ઉત્તમ મૂક ફિલ્મ ગણવામાં આવે છે. 1931માં માદનની સાત બોલતી ફિલ્મો રજૂ થઈ છે અને એક જ કંપનીની એકસાથે આટલી બોલતી ફિલ્મો રજૂ થઈ હોય તેવો તે પહેલો દાખલો હતો. આ

સાતમાંની 'શીરીં ફરહાદ'ને ભારતની બીજી બોલતી ફિલ્મનું માન મળ્યું છે. 'આલમઆરા' રજૂ થયા પછીના અઢી મહિને તે રજૂ થયેલી. બંનેના નિર્માતા-દિગ્દર્શક પારસી. જે.એફ. માદને તો કુલ 17થી વધુ બોલતી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. માદન થિયેટર્સે 1931થી 1938 સુધીનાં આઠ વર્ષમાં 60 ફિલ્મો બનાવી. એક જ કંપનીએ આટલી ફિલ્મો બનાવી હોય તે આ માદન જ છે. તેઓની આ ફિલ્મોની સફળતામાં સંગીતની ભૂમિકાય મોટી હતી. એક વાર મૂંગી ફિલ્મ તરીકે બનાવ્યા પછી 'સત્યવાદી રાજા હરિશ્ચન્દ્ર'ને બોલતી ફિલ્મ તરીકેય ફરી બનાવી ત્યારે તેમાં 27 ગીતો હતાં. 'શકુંતલા'માં 42 ગીતો, 'અલીબાબા ઔર ચાલીસ ચોર'માં 19 ગીતો, 'ગુલરુ ઝરીના'માં 33 અને પદ્યમય 'ઇન્દ્રસભા'માં તો રેકૉર્ડ 71 ગીતો. આ ફિલ્મો વડે તેમણે ભારતીય ફિલ્મોદ્યોગની પ્રથમ સ્ટાર જોડી સર્જી દીધી અને તે હતી મા. નિસાર અને કજ્જનની જોડી. આ બંને પ્રથમ વાર 'લયલા મજનુ'માં સફળ થયાં પછી 'શીરીં ફરહાદ', 'ચતરા બકાવલી', 'ગુલરુ ઝરીના', 'ઇન્દ્રસભા'માં ચમક્યાં.

1938ની 'ખતરનાક ઔરત' માદનની છેલ્લી ફિલ્મ હતી. માદનનું પ્રદાન ભારતીય ફિલ્મોમાં ઘણા સ્તરે છે અને બંગાળીઓ તો તેમને એ રીતે પણ યાદ કરી શકે કે પહેલી બોલતી બંગાળી શૉર્ટ ફિલ્મ 'જમાઈ ષષ્ઠી' માદને જ બનાવી હતી. (માદન થિયેટરે બંગાળી ભાષામાં બાર જેટલી બોલતી ફિલ્મોનું નિર્માણ કર્યું છે). આજે કરુણતા એ છે કે માદન થિયેટર્સના આ પ્રદાનમાંથી કશું સાચવી નથી શકાયું. તેમનાં બનાવેલાં થિયેટરોમાંથી અનેકોનાં નામો બદલાયાં છે. પણ માદન હવે ક્યાં છે? તેમણે ઠેઠ 1921માં પારસી પાર્શ્વભૂ અને પાત્રોવાળી 'તૈમૂર્સ અને તૈમૂરજી' ફિલ્મ બનાવેલી જે 'ખટ્ટામીઠા' અને 'પેસ્તનજી'થી બહુ દાયકાઓ પહેલાં હતી. માદનના કામને સમગ્રતાથી જોતાં-મૂલવતાં થશે કે તેઓ ઇતિહાસ રચવાની કાબેલિયતવાળા હતા.

* * *

# દ્વારકાદાસ સંપત

ફિલ્મ ઉદ્યોગના ખરા દાદા

દ્વારકાદાસ સંપત એટલે એવા ગુજરાતી કે જેમણે ભારતીય ફિલ્મ ઉદ્યોગ પા... પા... પગલી ભરી રહ્યો હતો ત્યારે નિર્માતા તરીકે 96 મૂક ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. તેમની ફિલ્મ 'ભક્ત વિદુર' પર તો અંગ્રેજ સરકારે પ્રતિબંધ પણ મૂક્યો હતો.

એક સમય એવો હતો જ્યારે મુંબઈ ગુજરાતના સાહસિકોનું કેન્દ્ર હતું. આખા દેશમાંથી લોકો મુંબઈમાં ઊતરવા લાગ્યા તે પહેલાં મુંબઈના ઉદ્યોગ-વ્યવસાય સ્થાપી આપવામાં ગુજરાતી સાહસિકો મોખરે હતા. બીજા ઉદ્યોગની જેમ ફિલ્મ ઉદ્યોગ માટે પણ એ સાચું છે.

ભારતમાં સિનેમા અને તેમાં ગુજરાતીઓના પ્રદાન વિશે વાત કરતી વખતે સૌથી પહેલાં કોને યાદ કરવા પડે? એ નામ છે : જામખંભાળિયાના કચ્છી ભાટિયા દ્વારકાદાસ સંપત. તેમની સ્મૃતિ દાદાસાહેબ ફાળકેના નામની જેમ જીવિત ન રહી શકે એ આપણો દોષ. બાકી, ખરા અર્થમાં મુંબઈની ફિલ્મપ્રવૃત્તિને પહેલી વાર વ્યાવસાયિક માળખું બક્ષનારા દ્વારકાદાસ હતા.

14 ઑક્ટોબર, 1884ના રોજ જન્મેલા દ્વારકાદાસે ઉંમરના અઢારમા વર્ષે મુંબઈના આઝાદ મેદાનમાં તંબુમાં દર્શાવાતી ફિલ્મ જોઈ. એ પ્રસંગથી તેમને ફિલ્મના ધંધામાં ઝંપલાવવાનું સૂઝ્યું. તેમણે એ જમાનામાં ₹4,000ની આસમાની કિંમતે થોમસ ઍડિસનની કંપનીમાંથી કાઇનેટોસ્કોપ તરીકે ઓળખાતું પ્રોજેક્ટર ખરીદ્યું. તેમાં એ 30-40 ફૂટ લંબાઈના ફિલ્મી ટુકડા જાતે જ બતાવતા હતા. તેનો જાદુ લોકોમાં છવાયેલો જોઈને યુવાન દ્વારકાદાસને વિચાર આવ્યો : ક્યાં સુધી ફિલ્મની પટ્ટીઓના ટુકડા બતાવવા? શા માટે ફિલ્મનિર્માણમાં ન પડવું?

પાટણકર અને ગોવર્ધનદાસ જેવા લોકો આ કામ જાણતા હતા. તેમણે દ્વારકાદાસને આર્થિક મદદ આપી. તેમની પાટણકર ફ્રેન્ડ્સ ઍન્ડ કંપનીએ ગુજરાતી વિષય લઈને 1917માં એક ફિલ્મ બનાવી : 'શેઠ સગાળશા'. જો કે, ગ્યાસતેલના ફાનસને અજવાળે તેની પ્રિન્ટ પૉઝિટિવ બનાવવામાં તે ફાવ્યા નહીં. હિંમત હાર્યા વિના બીજા વર્ષે તેમણે 'રાજા શ્રીપાળ' અને 'રામ વનવાસ' નામે 32 ભાગની ફિલ્મ સીરિયલ બનાવી. મુંબઈના મૅજેસ્ટિક અને એલેક્ઝાન્ડ્રા થિયેટરમાં 'રામ વનવાસ' ચાર અઠવાડિયાં ચાલી. નાટક જોવા માટે કલાકો સુધી મંચ સામે બેસી રહેતા પ્રેક્ષકો ફિલ્મો જોવા લાંબો સમય થિયેટરમાં બેસતા થયા એ 'રામ વનવાસ' જેવી ફિલ્મની મુખ્ય સિદ્ધિ ગણાય.

સફળતાનો સ્વાદ ચાખ્યા પછી દ્વારકાદાસે 1928 સુધીમાં 96 જેટલી મૂંગી ફિલ્મો બનાવી. વિષય પણ એક પ્રકારના નહીં. જેમ કે, 1920માં તેમણે 'કટોરાભાર ખૂન' નામે સામાજિક ક્રાઇમ ફિલ્મ બનાવી, તો 1921માં 'ભક્ત વિદુર' નામે દેશભક્તિ જગાડતી ફિલ્મ દ્વારા સરકારનો ખોફ વહોરી લીધો. એ ફિલ્મમાં સંપતે ગાંધીજી જેવો વેશ ધારણ કર્યો હોવાથી અંગ્રેજ સરકારે ફિલ્મ પર પ્રતિબંધ મૂકેલો. લોકમાન્ય ટિળક અવસાન પામ્યા ત્યારે દ્વારકાદાસે તેમની અંતિમવિધિની દસ્તાવેજી ફિલ્મ ઉતારી હતી. એવી જ રીતે અલીબંધુ તરીકે જાણીતા મૌલાના મહંમદ અલી અને શૌકત અલી વિશે તેમણે 'પ્રોસેશન ઑફ અલી બ્રધર્સ' નામે ડૉક્યુમૅન્ટ્રી બનાવી.

દ્વારકાદાસની વિશિષ્ટતા એ હતી કે તેમણે ફિલ્મોમાં બને એટલી વાસ્તવિકતા લાવવાનો પ્રયાસ કર્યો. નાટકના ચીતરેલા પડદાવાળા સેટને બદલે લાકડાના સેટ પર તે શૂટિંગ કરતા હતા. ફિલ્મો મૂંગી હોવાથી કલાકારો જે બોલે તે સંભળાવાનું ન હતું, પણ અભિનયમાં વાસ્તવિકતા પ્રગટે એ માટે તે કલાકારો પાસે સંવાદો બોલાવવાનો આગ્રહ રાખતા હતા. આ શિસ્તને કારણે મોહનલાલ દવે જેવા પટકથાકાર તૈયાર થયા.

દ્વારકાદાસ સંપતે સ્થાપેલી કોહિનૂર ફિલ્મ કંપની ફિલ્મ ઉદ્યોગના ભાવિ ધુરંધરોની તાલીમશાળા બની રહી. તેમાં 'સરદાર' ચંદુલાલ શાહથી માંડીને કાનજીભાઈ રાઠોડ, હોમી માસ્ટર, મોહન ભવનાની, મણિલાલ જોશી જેવા અનેક દિગ્દર્શકો ઊભર્યા. એકલે હાથે કામ કરવાને બદલે દ્વારકાદાસે ફિલ્મસર્જકોની આખી પેઢી વિકસાવવાનું કામ કર્યું. 'કોહિનૂર'માં આગ લાગ્યા પછી પણ તે ફરી બેઠા થઈ શક્યા. ફિલ્મનિર્માણનાં તમામ પાસાં પર ધ્યાન આપી શકાય એ માટે સ્ટુડિયો, લૅબોરેટરી, મિની થિયેટર સહિત બધી સુવિધાઓ તેમણે ઊભી કરી હોવાથી, નવસાહસિકો તેમની પાસે મદદ માગવા જતા હતા.

સ્ત્રીપાત્રો પુરુષો પાસે કરાવવાનો રિવાજ વ્યાપક હતો એ જમાનામાં દ્વારકાદાસે સ્ત્રીપાત્ર સ્ત્રીઓને સોંપવાનો આગ્રહ રાખ્યો. પહેલી બોલતી ફિલ્મ 'આલમઆરા'ની હીરોઇન તરીકેનું માન મેળવનાર ઝુબેદાએ દ્વારકાદાસની ચાર મૂંગી ફિલ્મોમાં કામ કર્યું હતું. ફિલ્મો બોલતી થઈ ત્યારે 'આલમઆરા'ના નિર્માતા અરદેશર ઈરાની સાથે મળીને દ્વારકાદાસે બે ગુજરાતી ફિલ્મો 'ઘરજમાઈ' (1935) અને 'અક્કલના બારદાન' (1936) બનાવી.

4 નવેમ્બર, 1958ના રોજ અવસાન પામેલા દ્વારકાદાસ ખરા અર્થમાં ફિલ્મ ઉદ્યોગના દાદાસાહેબ હતા. ફિલ્મ ઉદ્યોગના વિકાસમાં તેમનું પ્રદાન પાયાનું છે, પણ ઊગતા સૂરજની દુનિયામાં આથમી ચૂકેલા સૂરજની સ્મૃતિને કોણ અર્ઘ્ય આપે?

* * *